# ડિવીઝન ઓફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન સર્વિસીસ (કુટુંબ અને બાળકો સેવા વિભાગ)

## સપ્લીમેન્ટલ ન્યુટ્રિશન અસિસ્ટન્સ પ્રોગ્રામ (પૂરક પોષણ સહાય પ્રોગ્રામ, SNAP)

## જ્યોર્જિયામાંસપ્લિમેન્ટલ ન્યુટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (SNAP)

જો તમને આ દસ્તાવેજ વાંચવા કે પૂર્ણ કરવામાં મદદ જોઈતી હોય અથવા અમારી સાથે વાતચીત કરવામાં મદદ જોઈતી હોય, તો અમને પૂછો અથવા **(1-877-423-4746) 423-4746** પર કૉલ કરો. દુભાષિયા સહિતની અમારી સેવાઓ નિ:શુલ્ક છે. જો તમને બહેરાશ હોય, સાંભળી શકતા ન હો, બહેરા-અંધ હો અથવા બોલવામાં તકલીફ પડતી હોય, તો તમે **711 (**જ્યોર્જિયા રિલે**)** ડાયલ કરીને અમને ઉપરના નંબર પર કૉલ કરી શકો છો.

### સપ્લિમેન્ટલ ન્યુટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ શું છે?

સપ્લિમેન્ટલ ન્યુટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (SNAP), જે અગાઉ ફૂડ સ્ટેમ્પ્સ પ્રોગ્રામ તરીકે ઓળખાતું હતું, તે ફેડરલ ફંડેડ પ્રોગ્રામ છે જે ઓછી આવક ધરાવતા પરિવારોને ખોરાકની કિંમત ચૂકવવામાં મદદ કરવા માટે માસિક લાભો પૂરા પાડે છે. SNAP એ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ (રોજગાર અને તાલીમ, E&T) પ્રોગ્રામમાં ભાગ લેવા માંગતા પ્રાપ્તકર્તાઓને રોજગાર અને તાલીમની તકો પૂરી પાડે છે. સ્વસ્થ આહાર અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે આ પ્રોગ્રામ ઓછી આવક ધરાવતા પરિવારોને પોષણ શિક્ષણ પણ પ્રદાન કરે છે. SNAP આઉટરીચ પ્રવૃત્તિઓ સમુદાય સહભાગી એજન્સીઓ અને સ્થાનિક સમુદાય ખાદ્ય બેંકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

### પરિવારએટલે શું?

પરિવાર એટલે એકલી રહેતી એક વ્યક્તિ, કુટુંબ અથવા કેટલાક અસંબંધિત વ્યક્તિઓ હોઈ શકે છે જેઓ સાથે રહે છે અને નિયમિત રીતે સાથે ભોજનની ખરીદી કરે છે અને તેને બનાવે છે. પરિવારના અમુક સભ્યો અથવા વ્યક્તિઓ કે જેઓ સાથે રહે છે અને નિયમિત રીતે સાથે ભોજનની ખરીદી કરતા નથી અને બનાવતા નથી તેઓને પરિવારમાં સામેલ કરવાના નથી. તે વ્યક્તિઓ માટે, કેસ વર્કરને સામાજિક સુરક્ષા નંબર, ઇમિગ્રેશન સ્ટેટસ અને નાગરિકતા પ્રદાન કરવાની જરૂર નથી. કોઈ વ્યક્તિનો પરિવારમાં સમાવેશ થવો જોઈએ કે કેમ તેનો નિર્ણય ફેડરલ નિયમો પર આધારિત છે.

### SNAPલાભો માટે કોણ અરજી કરી શકે છે?

SNAP લાભો માટે કોઈપણ અરજી કરી શકે છે. આ પ્રોગ્રામ મર્યાદિત આવક અને સંસાધનો ધરાવતા પરિવારોને મદદ કરે છે. આમાં અસ્થાયી કટોકટીનો અનુભવ કરતા પરિવારો તેમજ જેમની આવક ગરીબી સ્તર પર અથવા તેનાથી નીચે છે તેવા પરિવારોનો સમાવેશ થાય છે.

### અધિકૃત પ્રતિનિધિ શું છે?

અધિકૃત પ્રતિનિધિ એવી વ્યક્તિ છે કે જેને તમારો પરિવાર તમારા પરિવાર વતી SNAP લાભો માટે અરજી કરવા, મેળવવા અને/અથવા ઉપયોગ કરવાની મંજૂરી આપે છે કારણ કે તમે આમ કરવામાં અસમર્થ છો.

## તમે ક્યાં અરજી કરી શકો છો?

દરેક કાઉન્ટીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન  સર્વિસીસ (DFCS) ની ઓફિસ હોય છે. આ વિભાગ SNAP લાભો માટે અરજીઓ લે છે.

જ્યોર્જિયા DFCS ઑફિસનું સરનામું અને ટેલિફોન નંબર જ્યોર્જિયા ડિવિઝન ઑફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન સર્વિસીસ (DFCS) ની વેબસાઇટ www.dfcs.georgia.gov/locationsપર મળી શકે છે.

## તમે ક્યારે અરજી કરી શકો છો?

મોટાભાગની ડિપાર્ટમેન્ટ ઓફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન સર્વિસીસની ઓફિસો સપ્તાહાંત અને રજાઓ સિવાય સોમવાર થી શુક્રવાર સવારે 8:00 થી સાંજના 5:00 વાગ્યા સુધી ચાલુ રહે છે. જો કે, ઓફિસના દિવસો અને કલાકો સ્થળાનુસાર બદલાઈ શકે છે. કામના દિવસો અને કલાકો www.dfcs.georgia.gov/locations ની મુલાકાત લઈને અને તમારા વિસ્તારમાં્ની ઓફિસ પસંદ કરીને ઓનલાઈન શોધી શકાય છે. ઓનલાઈન અરજીઓ જ્યોર્જિયા ગેટવે વેબસાઈટ દ્વારા અહીં ઉપલબ્ધ છે: www.gateway.ga.gov.

## તમે લાભો માટે અરજી કેવી રીતે કરી શકો છો?

લાભો માટે અરજી કરવા માટે, ઘરના વડા, ઘરના સભ્ય અથવા ઘરનું પ્રતિનિધિત્વ કરતી અધિકૃત વ્યક્તિ કાગળની અરજી ભરી શકે છે, ઑનલાઇન અથવા ફોન દ્વારા અરજી કરી શકે છે . તમારી સ્થાનિક DFCS ઑફિસમાંથી, DFCS વેબસાઇટ પરથી અથવા ગ્રાહક સંપર્ક કેન્દ્રને 1-877-423-4746 પર કૉલ કરીને તમારા ઘરના સરનામા પર અરજી મોકલવાની વિનંતી કરી કાગળની અરજી મેળવી શકાય છે. તમે ટેલિફોન દ્વારા અરજી કરવા માટે ગ્રાહક સંપર્ક કેન્દ્રને પણ કૉલ કરી શકો છો.

તમે www.dfcs.georgia.gov/snap-food-stamps વેબસાઇટ પર પ્રાપ્ત કોરી એપ્લિકેશનની નકલ કરી શકો છો. ફોર્મ ભરો, મેઇલ કરો, ફેક્સ કરો અથવા તેને તમારી સ્થાનિક કાઉન્ટી ઑફિસમાં લઈ જાઓ.

## તમે લાભો માટે ઓનલાઈન અરજી કેવી રીતે કરી શકો છો?

તમે SNAP લાભો માટે ગેટવે વેબસાઇટ https://gateway.ga.gov/access/પર ઑનલાઇન પણ અરજી કરી શકો છો. અરજદારો કે જેઓ ઑનલાઇન એકાઉન્ટ બનાવે છે તેઓ તેમની અરજીની સ્થિતિ તપાસી શકે છે અને ગેટવે પ્રી-સ્ક્રીનિંગ ટૂલ દ્વારા અન્ય DHS પ્રોગ્રામ્સ માટેની તેમની પાત્રતા પણ ચકાસી શકે છે. વધુમાં, ગેટવે SNAP પ્રાપ્તકર્તાઓને ઘરના સંજોગોમાં થયેલા ફેરફારોની જાણ કરવા અને તેમના લાભો ઓનલાઈન રિન્યૂ કરવાની મંજૂરી આપે છે.

## અરજી દાખલ  થયેલ ક્યારે માનવામાં આવે છે?

જ્યારે અરજીમાં ઘરના વડાનું નામ, સરનામું, તારીખ અને ઘરના વડા, ઘરના અન્ય સભ્ય અથવા અધિકૃત પ્રતિનિધિ (AREP)ની સહી હોય અને તે સ્થાનિક કાઉન્ટી ઑફિસ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે ત્યારે અરજી દાખલ થયેલ માનવામાં આવે છે. તમારા સ્થાનિક કાઉન્ટી ડિપાર્ટમેન્ટ ઑફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન સર્વિસિસમાં અરજી દાખલ કરી શકાય છે, પરંતુ કોઈપણ ડિપાર્ટમેન્ટ ઑફ ફેમિલી એન્ડ ચિલ્ડ્રન સર્વિસિસ તમારી અરજી સ્વીકારી શકે છે. તમારે સમગ્ર અરજી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તે ખૂબ જ અગત્યનું છે કે તમે તમારો ટેલિફોન નંબર અને/અથવા સરનામું આપો જેથી DFCS ફોન દ્વારા તમારા સુધી પહોંચી શકે.

**અરજી દાખલ થઈ ગયા પછી શું થાય છે?**

તમારો, ઘરના સભ્ય અથવા તમારા પરિવાર માટે અરજી કરવા માટે અધિકૃત વ્યક્તિ, અધિકૃત પ્રતિનિધિનો, DFCS ના કેસ વર્કર દ્વારા ઇન્ટરવ્યુ લેવામાં આવશે. જે વ્યક્તિનો ઇન્ટરવ્યુ લેવામાં આવે તે તમારા ઘરની પરિસ્થિતિ વિશે જાણતા હોવા જોઈએ.
વૃદ્ધ/વિકલાંગ વ્યક્તિઓ અથવા વ્યક્તિઓ કે જેઓ ઓફિસમાં આવવામાં સમસ્યાઓ અનુભવી રહ્યા છે, તેઓનું ઇન્ટરવ્યુ ટેલિફોન દ્વારા, પૂર્વ-આયોજિત ઘરની મુલાકાત અથવા ઓફિસ મુલાકાત દ્વારા પૂર્ણ કરી શકાય છે. ઇન્ટરવ્યુ વિશે જાણવા માટે તમારી સ્થાનિક કાઉન્ટી ઑફિસનો સંપર્ક કરો.

**ઇન્ટરવ્યુમાં શું થાય છે?**

કેસ વર્કર તમને તમારા ઘરની આવક, સંસાધનો, ભાડું અથવા ગીરો અને ઉપયોગિતા ખર્ચ વિશે પ્રશ્નો પૂછશે. અમુક પરિવારોને તબીબી ખર્ચ, બાળ સંભાળ અને બાળ સહાય ખર્ચ વિશે પણ પૂછવામાં આવી શકે છે. તમારા ઘરની પરિસ્થિતિના પુરાવા જરૂરી છે, તેથી જો તમારી પાસે નીચે મુજબની માહિતી હોય, તો તમે તેને તમારી સાથે લાવી શકો છો:

- તમારી ઓળખના પુરાવા
- તમારી નાગરિકતાના પુરાવા જેમ કે જન્મ પ્રમાણપત્ર, U.S. પાસપોર્ટ, હોસ્પિટલ રેકોર્ડ વગેરે.
- U.S. નાગરીક ન હોય તેવા લાભો માટે અરજી કરતા વ્યક્તિઓ માટે ઇમિગ્રેશન પેપર્સ
- લાભો માટે અરજી કરતી વ્યક્તિઓ માટે સામાજિક સુરક્ષા નંબરો
- દરેક ઘરના સભ્ય માટે આવકનો પુરાવો (ચેક સ્ટબ, સામાજિક સુરક્ષા અથવા સેવાનિવૃત વહીવટ માટેના એવોર્ડ લેટર્સ, બેરોજગારી લાભો, કુટુંબ અથવા મિત્રો તરફથી યોગદાન, બાળ સહાય, વગેરે)
- પાછલા મહિનાની ભાડાની રસીદ અથવા ગીરો પેમેન્ટ બુક
- 60 અને તેથી વધુ ઉંમરના અને/અથવા અપંગ વ્યક્તિઓ માટે તબીબી બિલ
- શાળામાં અથવા તાલીમમાં હોય અથવા જે બાળકોના માતા-પિતા કામ કરતા હોય, તેના માટે બાળ સંભાળ રસીદો
- તમારી પરિસ્થિતિના આધારે વધારાની માહિતી અને પુરાવાની જરૂર પડી શકે છે.

તમે પહેલીવાર અરજી કરો ત્યારે તમારી પાસે બધી માહિતી ન હોય, તો તમને જરૂરી પુરાવા પ્રદાન કરવા માટે ઇન્ટરવ્યુની તારીખથી 10 કેલેન્ડર દિવસોનો સ્માય આપવામાં આવે છે.

ઇન્ટરવ્યુ એ ઘરના સંજોગોની સત્તાવાર અને ગોપનીય ચર્ચા છે. ઇન્ટરવ્યુઅરે ન ફક્ત માહિતી ભેગી કરવી અને તેની સમીક્ષા કરવી જોઈએ પરંતુ અસ્પષ્ટ અથવા અપૂર્ણ માહિતીનું અન્વેષણ કરી અને તેનું નિરાકરણ પણ કરવું જોઈએ.

જો તમારા ઘરની કોઈ વ્યક્તિ અમને સામાજિક સુરક્ષા નંબર અથવા ઇમિગ્રેશન સ્થિતિ અથવા નાગરિકતા વિશેની માહિતી આપવા માંગતી નથી, તો તે વ્યક્તિ SNAP લાભો માટે પાત્ર રહેશે નહીં. ઘરના અન્ય સભ્યો હજુ પણ લાભો માટે પાત્ર થઈ શકે છે.

સોશિયલ સિક્યોરિટી નંબર અથવા ઇમિગ્રેશન સ્થિતિ ન આપવાનું પસંદ કરવા બદલ વ્યક્તિ વિશેની જાણ ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યુરિટી, યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસિસને કરવામાં આવતી નથી.

## શું તમે પાત્ર છો?

**તમે SNAP લાભો માટે પાત્ર હોઈ શકો અગર:**

- તમે યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક છો અથવા ચોક્કસ કાનૂની એલિયન સ્ટેટસ ધરાવો છો
- તમે ઘરની પરિસ્થિતિના પુરાવા તરીકે તમામ જરૂરી દસ્તાવેજો પ્રદાન કરો છો
- તમે અને/અથવા ઘરના અન્ય સભ્યો કામની જરૂરિયાતોનું પાલન કરો છો
- પરિવારની માસિક આવક ઘરમાં રહેતા લોકોની સંખ્યાના આધારે આવક મર્યાદા કરતાં વધી જતી નથી
- જો આ ખર્ચનો પુરાવો આપવામાં આવે તો ભાડું અથવા ગીરો ચૂકવણી, ઉપયોગિતા બિલો અને કેટલાક કિસ્સાઓમાં તબીબી, બાળ સંભાળ અને બાળ સહાય ખર્ચને પાત્રતા નિર્ધારણ પ્રક્રિયામાં ધ્યાનમાં લેવામાં આવે છે.

**SNAPલાભો મેળવવામાં કેટલો સમય લાગે છે?**

અરજી દાખલ કરવામાં આવે તે તારીખથી 30 દિવસની અંદર અરજી પર પ્રક્રિયા થવી જોઈએ અને લાભો ઉપલબ્ધ થવા જોઈએ. જો તમારા પરિવારની આવક ઓછી અથવા શૂન્ય હોય અને તે ચોક્કસ માપદંડોને પૂર્ણ કરે છે, તો 7 દિવસની અંદર અરજી પર પ્રક્રિયા થવી જોઈએ અને લાભો ઉપલબ્ધ થવા જોઈએ. પરિવાર SNAP લાભો માટે પાત્ર છે કે કેમ જે જણાવવા દરેક પરિવારને એક નોટિસ મોકલવામાં આવે છે . જો પાત્ર હોય, તો નોટિસમાં જણાવવામાં આવે છે કે પરિવારને કેટલા લાભો મળશે અને પરિવારને ફરીથી અરજી કરવાની આવશ્યક્તા પહેલા કેટલા સમય સુધી લાભો પ્રાપ્ત થશે.

**તમે કેટલું પ્રાપ્ત કરશો?**

તમારા પરિવારને મળતા લાભોની રકમ તમારા SNAP પરિવારમાં વ્યક્તિઓનીસંખ્યા, ઘરની આવકની રકમ અને બજેટિંગ પ્રક્રિયામાં વપરાતી કપાતની રકમ પર આધારિત છે. અરજીની તારીખ પ્રથમ મહિનામાં પરિવાર દ્વારા પ્રાપ્ત લાભોની રકમને પ્રભાવિત કરે છે. જ્યાં સુધી તમારું કુટુંબ પાત્ર રહે છે, ત્યાં સુધી દર મહિને લાભો આપવામાં આવે છે. તમારો SNAP કેસ બંધ થઈ જાય તો પણ તમારા EBT ખાતામાં બાકી રહેલા લાભોનો ઉપયોગ ન થાય ત્યાં સુધી તે મેળવી શકાય છે.

નોંધ**:** જો 9 મહિના પછી પરિવાર દ્વારા કોઈ EBT કાર્ડ પ્રવૃત્તિ ન હોય, તો બાકીના લાભો ખાતામાંથી એક મહિનામાં એક વખત એમ કાઢી નાખવામાં આવશે. પરિવાર દ્વારા શરૂ કરવામાં આવેલી કોઈપણ પ્રવૃત્તિ (ડેબિટ અથવા ક્રેડિટ)થી અન્ય 9 મહિનાની નિષ્ક્રિયતા સુધી, લાભ દૂર કરવાની પ્રક્રિયા બંધ કરાશે.

## તમને કેટલા સમય સુધી SNAP લાભો મળે છે?

જો પાત્ર હોય, તો તમારો પરિવાર એક મહિના માટે ત્રણ વર્ષ સુધી ફરી અરજી કરતા પહેલા SNAP મેળવી શકે છે. સર્ટિફિકેશન સમયગાળાના છેલ્લા મહિનામાં, તમારા પરિવારને DFCS તરફથી રિન્યુઅલ રિમાઇન્ડર નોટિસ પ્રાપ્ત થશે. પત્ર તમને જણાવે છે કે તમારો નોંધણીનો સમયગાળો સમાપ્ત થવામાં છે અને તમારા પરિવારે ફરીથી અરજી કરવી આવશ્યક છે.

જો આ પત્રનો તમારો પ્રતિસાદ સમયસર છે અને અગરતમે રિન્યુઅલ પ્રક્રિયાનું પાલન કરશો અને તમારો પરિવાર હજુ પણ પાત્ર છે તો તમારા લાભો ચાલુ રહેશે. જો તમે રિન્યુઅલ પ્રક્રિયાનું પાલન નથી કરતા અથવા જો તમારો પરિવાર રિન્યુઅલ સમયે ચાલુ લાભો માટે અયોગ્ય જણાય છે, તો તમારા લાભો બંધ થઈ જશે. રિન્યુઅલ પ્રક્રિયામાં રિન્યુઅલ માટે અરજી સબમિટ કરવી, આવશ્યક હોય તો ઇન્ટરવ્યુ લેવાનો અને સમયસર કોઈપણ જરૂરી ચકાસણી પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

તમને **SNAP** ના લાભો કેવી રીતે આપવામાં આવે છે **?**

ઇલેક્ટ્રિક બેનિફિટ ટ્રાન્સફર (EBT) કાર્ડ અને પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (PIN) નો ઉપયોગ કરીને લાભો જારી કરવામાં આવે છે.

જો તમે લાભો માટે પાત્ર છો અને ઘરના વડા તરીકે ક્યારેય મેળવ્યું નથી, તો તમને EBT કાર્ડ મોકલવામાં આવશે. ખોરાક ખરીદવા માટે પરિવાર અધિકૃત સ્ટોર્સમાં EBT કાર્ડનો ઉપયોગ કરે છે. જ્યારે ચેકઆઉટ કાઉન્ટર પર ફૂડ બેનિફિટ ખરીદીની કુલ રકમ નક્કી કરવામાં આવે છે, ત્યારે તમે તમારા EBT કાર્ડને પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસ દ્વારા સ્વાઈપ કરો અને તમારો PIN નંબર દાખલ કરો. ખરીદીની રકમ તમારી કુલ માસિક ફાળવણીમાંથી બાદ કરવામાં આવે છે.

## પરિવારને લાભો ક્યારે ઉપલબ્ધ થાય છે?

લાભો EBT ખાતામાં દર મહિનાની 5 મી થી 23 મી તારીખ સુધી જમા થાય છે. તમારા લાભો મેળવવા માટે, તમારે તમારા EBT કાર્ડ અને પિનની આવશ્યક્તા રહે છે. જો તમારું EBT કાર્ડ ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય અથવા તમે તમારો PIN ભૂલી જાઓ, તો EBT ગ્રાહક સેવા હેલ્પ લાઇનને 1-888-421-3281 પર કૉલ કરો. તમારું ખોવાયેલ અથવા ચોરાયેલું કાર્ડ રદ કરવામાં આવશે. તમારા પરિવારને નવું EBT કાર્ડ અને/અથવા PIN આપવામાં આવશે. તમારા EBT એકાઉન્ટ વિશે ઓનલાઈન માહિતી મેળવવા માટે, www.ebt.acs-inc.com પર લોગ ઓન કરો.

તમારા કાર્ડ નંબર અને વ્યક્તિગત ઓળખ નંબર (PIN) નો ઉપયોગ કરીને, તમે નીચે મુજબ કરી શકો છો:

- તમાતા એકાઉન્ટ બેલેન્સની તપાસ
- તમારી લેન-દેનની સમીક્ષા
- તમારોPIN બદલવો
- ગ્રાહક સેવાનો સંપર્ક

તમારી માહિતીને ઍક્સેસ કરવા માટે તમારી પાસે તમારો કાર્ડ નંબર તૈયાર હોવો જોઈએ. તમારું EBT કાર્ડ અને PIN સુરક્ષિત જગ્યાએ રાખવાનું યાદ રાખો. જો કોઈને તમારું EBT કાર્ડ અને PIN મળે છે, તો તે વ્યક્તિ તમારા લાભો મેળવી શકે છે. તમારા EBT ખાતામાંથી લીધેલા લાભો DFCS દ્વારા બદલવામાં આવતા <u>નથી</u> .

### તમે SNAPલાભો ક્યાં ખર્ચી શકો છો?

યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA), ફૂડ એન્ડ ન્યુટ્રિશન સર્વિસ (FNS) દ્વારા અધિકૃતખાદ્ય સ્ટોર્સ ખોરાક ખરીદવા માટે EBT લેન-દેન સ્વીકારી શકે છે. મોટા ભાગ્રા સ્ટોરર્સ સંકેત દ્વારા સૂચવે છે કે SNAP લાભોનો ઉપયોગ ખાદ્ય ઉત્પાદનો ખરીદવા માટે થઈ શકે છે.

### SNAP લાભો સાથે શું ખરીદવામાં આવે છે?

લાભોનો ઉપયોગ ફક્ત ખોરાક અને છોડ અથવા બીજ ખરીદવા માટે થઈ શકે છે જે તમારા ઘરને ખાવા માટે ખોરાક ઉગાડે છે, . ચોક્કસ ખાદ્ય પૂરવણીઓ જેમ કે Ensure SNAP લાભો સાથે ખરીદી શકાય છે. બરફ, પાણી, અને ઠંડા અથવા ઓરડાના તાપમાને ખોરાક, જે આના માટે રચાયેલ નથી સ્ટોરમાં ખાઈ શકાય છે, SNAP લાભો સાથે ખરીદી શકાય છે.

### SNAP લાભો સાથે શું ખરીદવામાં આવતું નથી?

SNAP લાભોનો ઉપયોગ આલ્કોહોલિક પીણાં, સિગારેટ અથવા તમાકુ, ઘરગથ્થુ પુરવઠો જેમ કે સાબુ અને કાગળના ઉત્પાદનો, દવાઓ, વિટામિન્સ, પાલતુ જાનવરના ખોરાક અથવા કોઈપણ બિન-ખાદ્ય ચીજવસ્તુઓ ખરીદવા માટે કરી શકાતો નથી.

### તમારા અધિકારો શું છે?

**તમને નીચે મુજબના અધિકાર છે:**

- જે દિવસે તમે માંગણી કરો તે દિવસે અરજી મેળવવાનો.
- **આ ફોર્મ ભરવા માટે સહાયની વિનંતી કરવા અને નિઃશુલ્ક ભાષા સહાય સેવાઓ પ્રાપ્ત કરવાનો (દુભાષિયા, અનુવાદિત સામગ્રી, અથવા સીધી તમારી ભાષામાં સેવાઓ) -જો તમને અંગ્રેજી ભાષા વાંચવામાં, લખવામાં, બોલવામાં કે સમજવામાં તકલીફ પડતી હોય.**
- **સહાયક મદદ અને સેવાઓ અને વાજબી ફેરફારોની વિનંતી કરવાનો અગર તમે અથવા તમારા ઘરની કોઈ વ્યક્તિ અપંગતા ધરાવે છે.**
- તમે ફાઇલ કરો ત્યારે તમારી અરજી સ્વીકાર કરાવવાનો.
- જો તમે DFCS ઑફિસમાં ન જઈ શકો તો તમારા ઘર માટે પુખ્ત વયના વ્યક્તિની અરજી કરવાનો.
- જો તમે 60 કે તેથી વધુ ઉંમરના હો અથવા અક્ષમ હો અને તમારા માટે અરજી કરવા માટે કોઈ ન હોય તો ઘરની મુલાકાત કરાવવાનો અથવા ટેલિફોન ઇન્ટરવ્યુ આયોજિત કરવાનો.
- તમે તમારી અરજી દાખલ કરો તે તારીખના 30 દિવસની અંદર તમારું EBT કાર્ડ અને PIN ધરાવવાનો, જો પાત્ર હોય, અથવા
- અરજીની તારીખ પછીના7[મા]દિવસે તમારું EBT કાર્ડ, પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (PIN), અને લાભો પ્રાપ્ત કરાવવાનો, અગર તમે ઝડપી સેવાઓ માટે પાત્ર હો તો હોય.
- ઉંમર, લિંગ, જાતિ, રંગ, વિકલાંગતા, ધાર્મિક સંપ્રદાય, રાષ્ટ્રિય મૂળ અથવા રાજકીય માન્યતાઓને ધ્યાનમાં લીધા વિના યોગ્ય વર્તન પ્રાપ્ત કરવાનો.
- જો તમે તમારા કેસ પર લીધેલા કોઈપણ પગલાથી અસહમત હો તો ન્યાયસંગત સુનાવણી મેળવવાનો.
- તમારી કેસ ફાઇલ અને પ્રોગ્રામના નિયમોની તપાસ કરવાનો.
- લેખિતમાં જાણ કરવામાં આવી ન હોય તેવા ફેરફારને કારણે તમારા લાભો ઓછા અથવા બંધ થયા હોય તો અગાઉથી જાણ મેળવવાનો.

તમારી જવાબદારીઓ શું છે **?**

- તમારે બધા પ્રશ્નોના સંપૂર્ણ જવાબ આપવા જોઈએ.
- ખોટી જુબાનીના દંડ હેઠળ, તમામ જવાબો સાચા છે તે પ્રમાણિત કરવા માટે તમારે તમારા નામ પર સહી કરવી આવશ્યક છે .
- તમારે પૂરાવા આપવા આવશ્યક છે કે તમે લાભો માટે પાત્ર છો.
- તમારા SNAP લાભો વેચવા, વેપાર અથવા આપવા નહીં.
- માત્ર પાત્ર વસ્તુઓ ખરીદવા માટે SNAP લાભોનો ઉપયોગ કરવો.

**લાભો પ્રાપ્ત કરતી વખતે તમારા પરિવારે કયા ફેરફારોની જાણ કરવી જોઈએ?**

સરળીકૃત રિપોર્ટિંગ પરિવારો - જ્યોર્જિયામાં તમામ SNAP પરિવારોની રિપોર્ટિંગ જરૂરિયાતો સરળીકૃત છે .

- આનો અર્થ એ છે કે જ્યારે તમારા પરિવારની કુલ માસિક આવક તમારા પરિવારના કદ માટે ફેડરલ ગરીબી સ્તરના 130% કરતાં વધુ હોય ત્યારે તમારે જાણ કરવી આવશ્યક છે.
- જો તમે 18-54 વર્ષની વયના પુખ્ત છો અને કોઈ બાળક નથી, તો જ્યારે તમારા કામના કલાકો અઠવાડિયામાં 20 કલાકથી ઓછા હોય, દર મહિને સરેરાશ 80 કલાક હોય ત્યારે તમારે જે મહિનામાં ફેરફાર થયા હોય તે મહિનાના અંતથી 10 દિવસની અંદર જાણ કરવી જોઈએ.
- જ્યારે તમારા પરિવારને લોટરી અને જુગારની નોંધપાત્ર જીત પ્રાપ્ત થાય ત્યારે તમારે જાણ કરવી આવશ્યક છે. આ એક જ ગેમમાં જીતેલ રોકડ ઈનામ છે. જો તમે અથવા ઘરના કોઈ સભ્યને લોટરી અથવા જુગારમાં જીતેલી રકમ (ટેક્સ અથવા અન્ય અટકાવવામાં આવતી રકમ પહેલાં) $4500 કે વધુ ની એકંદર રકમ પ્રાપ્ત થાય છે, તો તમારે જીત મેળવ્યાના મહિનાના અંતથી 10 દિવસની અંદર તેની જાણ કરવી જોઈએ.

તમારા કેસવર્કર તમને આ જરૂરિયાત સમજાવશે. તમે DFCS કૉલ સેન્ટરને 1-877-423-4746 પર અથવા https://gateway.ga.gov/access/પર ફેરફારોની જાણ કરી શકો છો.

**નિયમો તોડવા પર શું દંડ થાય છે?**

તમે તમારા લાભો ગુમાવી શકો છો અથવા જાણી જોઈને ખોટી માહિતી પ્રદાન કરવા બદલ ફોજદારી કાર્યવાહીને આધીન થઈ શકો છો.

- તમારા પરિવારને ન મળવા પાત્ર લાભો મેળવવા માટે ખોટી માહિતી આપશો નહીં અથવા માહિતી છુપાવશો નહીં.
- તમારા ન હોય તેવા SNAP લાભો અથવા EBT કાર્ડ્સનો ઉપયોગ કરશો નહીં અને બીજા કોઈને તમારા કાર્ડનો ઉપયોગ કરવા દેશો નહીં.
- આલ્કોહોલ અથવા સિગારેટ જેવી બિન-ખાદ્ય વસ્તુઓ ખરીદવા અથવા ક્રેડિટ કાર્ડ પર ચૂકવણી કરવા માટે SNAP લાભોનો ઉપયોગ કરશો નહીં.
- હથિયારો, દારૂગોળો અથવા નિયંત્રિત પદાર્થો (ગેરકાયદેસર દવાઓ) જેવી ગેર્કાનૂની વસ્તુઓ માટે SNAP અથવા EBT કાર્ડનો વેપાર અથવા વેચાણ કરશો નહીં.

પરિવારના કોઈપણ સભ્ય જે હેતુસર કોઈપણ **SNAP** નિયમોનો ભંગ કરે છે તેને **SNAP** થી કાયમી ધોરણે એક વર્ષ માટે પ્રતિબંધિત કરી શકાય છે, અને **$250,000** સુધીનો દંડ, **20** વર્ષ સુધીની કેદ અથવા બન્ને થઈ શકે છે. તેણી/તે અન્ય લાગુ ફેડરલ અને રાજ્ય કાયદાઓ હેઠળ પણ કાર્યવાહીને આધીન થઈ શકે છે. જો કોર્ટ આદેશ આપે તો તે/તેણીને વધારાના **18** મહિના માટે **SNAP** થી પણ પ્રતિબંધિત કરવામાં આવી શકે છે .

ઘરના કોઈપણ સભ્ય જે ઈરાદાપૂર્વક નિયમોનો ભંગ કરે છે તેને પ્રથમ ગુના માટે એક વર્ષ, બીજા ગુના માટે બે વર્ષ અને ત્રીજા ગુના માટે કાયમી ધોરણે **SNAP** લાભો મળી શકશે નહીં.

જો કાયદાની અદાલત તમને અથવા ઘરના કોઈપણ સભ્યને નિયંત્રિત પદાર્થના વેચાણ સાથે સંકળાયેલા વ્યવહારમાં **SNAP** લાભોનો ઉપયોગ કરવા અથવા લાભ મેળવવા માટે દોષિત ઠરાવે છે, તો તમે અથવા પરિવારના તે સભ્ય પ્રથમ ગુના માટે બે વર્ષ માટે અને બીજો ગુનો માટે કાયમી ધોરણે લાભને પાત્ર બનશો નહીં.

જો કાયદાની અદાલત તમને અથવા ઘરના કોઈપણ સભ્યને હથિયારો, દારૂગોળો અથવા વિસ્ફોટકોના વેચાણ સાથે સંકળાયેલા વ્યવહારમાં ઉપયોગ અથવા લાભ પ્રાપ્ત કરવા બદલ દોષિત માને છે, તો તમે અથવા પરિવારના તે સભ્ય આ ઉલ્લંઘનના પ્રથમ ગુના માટે **SNAP** માં ભાગ લેવા માટે કાયમ માટે અયોગ્ય બનશો.

જો કાયદાની અદાલત તમને અથવા પરિવારના કોઈપણ સભ્યને **$500** અથવા તેથી વધુની કુલ રકમ માટે લાભની હેરફેર કરવા માટે દોષિત માને છે, તો તમે અથવા પરિવારના તે સભ્ય આ ઉલ્લંઘનના પ્રથમ ગુના માટે **SNAP** પ્રોગ્રામમાં ભાગ લેવા માટે કાયમ માટે અયોગ્ય બનશો.

જો તમે અથવા પરિવારના કોઈપણ સભ્યએ **SNAP** લાભો મેળવવા માટે ઓળખ (તેઓ કોણ છે) અથવા રહેઠાણના સ્થળ (જ્યાં તેઓ રહે છે)ના સંદર્ભમાં કપટપૂર્ણ નિવેદન અથવા રજૂઆત કરી હોવાનું જણાયું છે, તો તમે અથવા પરિવાર તે સભ્ય **10** વર્ષના સમયગાળા માટે **SNAP** પ્રોગ્રામમાં ભાગ લેવા માટે અયોગ્ય રહેશે.

## **ADA/**કલમ **504** અધિકારોની સૂચના

વિકલાંગ લોકો માટે મદદ

ધી જ્યોર્જિયા ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન સર્વિસીસ ("ધી ડિપાર્ટમેન્ટ") એ ફેડરલ કાયદા* હેઠળ વિકલાંગ વ્યક્તિઓને વિભાગોના પ્રોગ્રામો, સેવાઓ અથવા પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને લાયક બનવાની સમાન તક પૂરી પાડવા માટે જવાબદાર છે.  આમાં SNAP, TANF અને તબીબી સહાય જેવા પ્રોગ્રામોનો સમાવેશ થાય છે.

વિકલાંગતાના આધારે ભેદભાવ ટાળવા માટે જ્યારે ફેરફારો જરૂરી હોય ત્યારે વિભાગો વ્યાજબી ફેરફારો પ્રદાન કરે છે.  ઉદાહરણ તરીકે, સમાન પહોંચ પ્રદાન કરવા માટે અમે નીતિઓ, પ્રથાઓ અથવા પ્રક્રિયાઓમાં ફેરફાર કરી શકીએ છીએ.  સમાન રીતે અસરકારક સંદેશાવ્યવહાર સુનિશ્ચિત કરવા માટે, અમે વિકલાંગ વ્યક્તિઓ અથવા વિકલાંગતા ધરાવતા તેમના સાથીઓને સંચાર સહાય પૂરી પાડીએ છીએ, જેમ કે સાંકેતિક ભાષાના દુભાષિયા. અમારી મદદ નિઃશુલ્ક છે. વિભાગોએ એવા કોઈ ફેરફાર કરવાની જરૂર નથી કે જેના પરિણામે સેવા, પ્રોગ્રામ અથવા પ્રવૃત્તિના સ્વરૂપમાં મૂળભૂત ફેરફાર થાય અથવા અનુચિત નાણાકીય અને વહીવટી બોજ ઉત્પન્ન થાય.

વાજબી ફેરફાર અથવા સંચાર સહાયની વિનંતી કેવી રીતે કરવી

જો તમને અપંગતા હોય અને વાજબી ફેરફાર, સંચાર સહાય અથવા વધારાની મદદની જરૂર હોય તો મહેરબાની કરીને તમારા કેસવર્કરનો સંપર્ક કરો. દાખલા તરીકે, જો તમને સાંકેતિક ભાષાના દુભાષિયા જેવી અસરકારક સંચાર માટે સહાય અથવા સેવાની જરૂર હોય તો કૉલ કરો.  તમારી વિનંતી કરવા માટે તમે તમારા કેસવર્કરનો સંપર્ક કરી શકો છો અથવા DFCSને (877) 423-4746 પર કૉલ કરી શકો છો. તમે DFCS ADA રીઝનેબલ મોડિફિકેશન રિક્વેસ્ટ ફોર્મનો ઉપયોગ કરીને પણ તમારી વિનંતી કરી શકો છો, જે તમારી સ્થાનિક DFCS ઑફિસમાં અથવા https://dfcs.georgia.gov/adasection-504-and-civil-rights પર ઑનલાઇન ઉપલબ્ધ છે, પરંતુ વિનંતી કરવા માટે તમારે ફોર્મનો ઉપયોગ કરવાનો નથી.

ફરિયાદ કેવી રીતે ફાઇલ કરવી

જો વિભાગે તમારી વિકલાંગતાને કારણે તમારી સાથે ભેદભાવ કર્યો હોય તો તમે ફરિયાદ કરવાનો અધિકાર ધરાવો છે.  ઉદાહરણ તરીકે, તમે ભેદભાવની ફરિયાદ નોંધાવી શકો છો જો અગર તમે વાજબી ફેરફાર અથવા સાંકેતિક ભાષાના દુભાષિયા માટે પૂછ્યું હોય અને તે નકારવામાં આવ્યું હોય અથવા વાજબી સમયની અંદર કાર્યવાહી ન કરવામાં આવી હોય. તમે 47 Trinity Avenue SW, Atlanta, GA 30334, (877) 423-4746 પર તમારા કેસ વર્કર, તમારી સ્થાનિક DFCS ઑફિસ અથવા DFCS સિવિલ રાઇટ્સ, ADA/સેક્શન 504 કોઓર્ડિનેટરનો સંપર્ક કરીને મૌખિક અથવા લેખિતમાં ફરિયાદ કરી શકો છો.
તમે તમારા કેસ વર્કરને DFCS નાગરિક અધિકાર ફરિયાદ ફોર્મની નકલ માટે કહી શકો છો. ફરિયાદ ફોર્મ https://dfcs.georgia.gov/adasection-504-and-civil-rights પર પણ ઉપલબ્ધ છે. જો તમને ભેદભાવની ફરિયાદ કરવામાં મદદની જરૂર હોય, તો તમે ઉપર સૂચિબદ્ધ DFCS સ્ટાફનો સંપર્ક કરી શકો છો. જે વ્યક્તિઓને સાંભળવામાં તકલિફ હોય અથવા સાંભળવામાં અક્ષમ હોય અથવા જેમને બોલવાની અક્ષમતા હોય તેઓ અમારી સાથે જોડાવા માટે ઑપરેટરને 711 પર કૉલ કરી શકે છે. તમે યોગ્ય ફેડરલ એજન્સી સાથે પણ ભેદભાવની ફરિયાદ નોંધાવી શકો છો. U.S. માટે સંપર્ક માહિતી. ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA) અને U.S. ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ (HHS) એ "બિનભેદભાવ નિવેદન" ની અંદર શામેલ છે.

**1973*ના પુનર્વસન અધિનિયમની કલમ *504;* અમેરિકનો વિથ ડિસેબિલિટી એક્ટ *1990;* અને અમેરિકનો વિથ ડિસેબિલિટી એક્ટ એમેન્ડમેન્ટ્સ એક્ટ *2008* એ સુનિશ્ચિત કરે છે કે વિકલાંગ વ્યક્તિઓ ગેરકાનૂની ભેદભાવથી મુક્ત રહે.

**USDA** ને અરજીઓ મોકલવી નહીં

<u>બિન-ભેદભાવ નિવેદન</u>

U.S.અને ફેડરલ નાગરિક અધિકાર કાયદા અનુસાર ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA) ના નાગરિક અધિકાર નિયમો અને નીતિઓ, આ સંસ્થા જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ (લિંગ ઓળખ અને જાતીય અભિગમ સહિત), ધાર્મિક સંપ્રદાય, અપંગતા, ઉંમર, રાજકીય માન્યતાઓ અથવા અગાઉની નાગરિક અધિકાર પ્રવૃત્તિ માટે બદલો અથવા પ્રતિશોધના આધારે ભેદભાવ કરવાથી પ્રતિબંધિત છે.

પ્રોગ્રામની માહિતી અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી શકાશે.  વિકલાંગ વ્યક્તિઓ કે જેમને પ્રોગ્રામની માહિતી માટે સંચારના વૈકલ્પિક માધ્યમોની જરૂર હોય છે (દા.ત., બ્રેઇલ, મોટી પ્રિન્ટ, ઑડિઓટેપ, અમેરિકન સાઇન લેંગ્વેજ (સાંકેતિક ભાષા)), તેઓએ જ્યાં લાભો માટે અરજી કરી હોય તે એજન્સી (રાજ્ય અથવા સ્થાનિક)નો સંપર્ક કરવો જોઈએ. જે વ્યક્તિઓને સાંભળવામાં તકલિફ છે, સાંભળવામાં અસમર્થ છે અથવા જેમને બોલવામાં અસમર્થતા છે તેઓ (800) 877-8339 પર ફેડરલ રિલે સર્વિસ દ્વારા USDA નો સંપર્ક કરી શકે છે.

પ્રોગ્રામ ભેદભાવની ફરિયાદ નોંધાવવા માટે, ફરિયાદીએ ફોર્મ AD-3027, USDA પ્રોગ્રામ ભેદભાવ ફરિયાદ ફોર્મ ભરવું જે ઑનલાઇન https://www.usda.gov/sites/default/files/documents/ad-3027 .pdf પર મેળવી શકાય છે:, કોઈપણ USDA ઑફિસમાંથી, (833) 620-1071 પર કૉલ કરીને અથવા USDA ને સંબોધિત પત્ર લખીને મેળવી શકાય છે. પત્રમાં ફરિયાદીનું નામ, સરનામું, ટેલિફોન નંબર અને કથિત નાગરિક અધિકારોના ઉલ્લંઘનની પ્રકૃતિ અને તારીખ વિશે આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સિવિલ રાઈટ્સ (ASCR) ને જાણ કરવા માટે પૂરતી વિગતમાં કથિત ભેદભાવપૂર્ણ કાર્યવાહીનું લેખિત વર્ણન હોવું આવશ્યક છે. પૂર્ણ થયેલ AD-3027 ફોર્મ અથવા પત્ર આના પર સબમિટ કરવો આવશ્યક છે:

1. મેઇલ**:**
   Food and Nutrition Service, USDA
   1320 Braddock Place, Room 334
   Alexandria, VA 22314; or; અથવા
2. ફેક્સ**:**
   (833) 256-1665 અથવા (202) 690-7442; અથવા
3. ઇમેઇલ**:**
   FNSCIVILRIGHTSCOMPLAINTS@usda.gov.

આ સંસ્થા સમાન તક પ્રદાતા છે.

**માનવ સેવા વિભાગ (DHS) હેઠળ,** તમે તમારી સ્થાનિક DFCS ઑફિસનો સંપર્ક કરીને અથવા DFCS નાગરિક અધિકાર, ADA/વિભાગ 504 Coordinator at Georgia Department of Human Services, Office of General Counsel, 47 Trinity Avenue SW, Atlanta, GA 30334, (877) 423-4746 નો સંપર્ક કરી અન્ય ભેદભાવની ફરિયાદો પણ નોંધાવી શકો છો. મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્યના આધારે ભેદભાવનો આક્ષેપ કરતી ફરિયાદો માટે, DHS મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્ય અને સંવેદનાત્મક ક્ષતિ પ્રોગ્રામનો અહીં સંપર્ક કરો: Georgia Department of Human Services, Office of General Counsel, 47 Trinity Avenue SW, Atlanta, GA 30334, (877) 423-4746.

**USDA** ને અરજીઓ મોકલવી નહીં